RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk


# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 295 * Date: 14.08.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-


## ૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા પરથી વડાપ્રધાનનું ૧૨મું સંબોધનઃઆ વખતે મોદીનું ભાષણ સેનાની બહાદુરીને સમર્પિત હશે



૭૯મા સ્વતંત્રતા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના લાલ કિલ્લાની પ્રાચીર પરથી સતત ૧૨મી વખત રાષ્ટ્રને સંબોધન કરશે. આ વખતે પણ કાર્યક્રમને ઐતિહાસિક બનાવવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

સૂત્રોનું માનીએ તો, પીએમ પોતાના સંબોધન દ્વારા આંતરરાષ્ટ્રીય સમુદાયને ભારતનું વિઝન આપશે. આ ઉપરાંત આખું સંબોધન સેનાની બહાદુરીને સમર્પિત હશે. આ ઉપરાંત મોદી જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે કેન્દ્રના રોડમેપની પણ જાહેરાત કરી શકે છે. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર આ સંદર્ભમાં ભલામણો આપી ચૂક્યા છે.રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની ઔપચારિક જાહેરાત પછી, કાયદાકીય અને કારોબારી સ્તરે ઝડપી પગલાં લેવામાં આવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાના બિલમાં હાલની વિધાનસભાને રાજ્ય વિધાનસભા તરીકે આગળ ધપાવવાની જોગવાઈ હશે.મહિલા કલ્યાણ અને ખેડૂતો સંબંધિત જાહેરાતો થઈ શકે છે દર વર્ષે મોદી પોતાના ભાષણોમાં દેશને દિશા આપતી મોટી જાહેરાતો કરે છે. સ્વતંત્રતા દિવસે મેક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત, ડિજિટલ ઈન્ડિયા વગેરેની પણ જાહેરાત કરવામાં આવી હતી.સેનાની બહાદુરીઃ આ વખતનું સંબોધન ઓપરેશન સિંદૂરમાં સેના દ્વારા બતાવેલ બહાદુરીને સમર્પિત હશે. મોદી આંતરરાષ્ટ્રીય સમુદાયને આતંકવાદ સામે ભારતની નવી રણનીતિ વિશે જણાવશે. પીએમ તેના રાજદ્વારી અને રાજકીય પાસાઓ સમજાવશે.રાજકારણઃ મોદી મહિલા કલ્યાણ માટેની નવી યોજના અને કિસાન સન્માન નિધિ અંગે પણ મોટી જાહેરાત કરી શકે છે. તેનો રોડમેપ તૈયાર છે.

## રાજસ્થાનના દૌસામાં કન્ટેનર અને પિકઅપ વચ્ચે ટક્કર, ૧૧ લોકોનાં મોતઃબધા યુપીના એટાના રહેવાસી હતા

રાજસ્થાનના દૌસામાં પિકઅપ અને કન્ટેનર વચ્ચે થયેલી ટક્કરમાં ૧૧ લોકોના મોત થયા છે. મૃતકોમાં ૭ બાળકો અને ૪ મહિલાઓનો સમાવેશ થાય છે. બધા ઉત્તર પ્રદેશના એટાહના રહેવાસી છે.પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત બુધવારે સવારે લગભગ ૩.૩૦ વાગ્યે સૈંથલ પોલીસ સ્ટેશન વિસ્તારના બાપી ગામમાં થયો હતો. પિકઅપમાં સવાર તમામ લોકો ખાટુશ્યામના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, શરૂઆતની તપાસમાં જાણવા મળ્યું છે કે કન્ટેનરે પાછળથી પિકઅપને ટક્કર મારી હતી. પિકઅપમાં ૨૨થી વધુ શ્રદ્ધાળુઓ હતા. આમાંથી ૧૦ લોકોના દૌસામાં મોત થયા હતા. આ દરમિયાન ગંભીર રીતે ઘાયલ થયેલા એક વ્યક્તિનું જયપુરની જીસ્જી હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.



મૃતકોમાં પૂર્વી (૩), પ્રિયંકા (૨૫), દક્ષા (૧૨), શીલા (૩૫), સીમા (૨૫), અંશુ (૨૬) અને સૌરભ (૩૫)નો સમાવેશ થાય છે. ચાર મૃતકોની ઓળખ થઈ શકી નથી.કેટલાક ઘાયલોને દૌસાની જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયારે ગંભીર રીતે ઘાયલોને જયપુરની સવાઈ માન સિંહ (જીસ્જી) હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જીસ્જી માં દાખલ કરાયેલા લોકોમાં લક્ષ્ય (૫), નૈતિક (૬), રીટા (૩૦), નિલેશ કુમારી (૨૨), પ્રિયંકા (૧૯), સૌરભ (૨૮), મનોજ (૨૮) અને અન્ય એકનો સમાવેશ થાય છે.

## દેશમાં ૧.૫૩ કરોડ રખડતા કૂતરાઃએક વર્ષમાં ૭૦% લોકોને રસી મળશે, ત્રણ મંત્રાલયોએ રાજ્યોને એડવાઈઝરી જાહેર કરી

દિલ્હી-એનસીઆરની શેરીઓમાંથી રખડતા કૂતરાઓને આઠ દિવસમાં દૂર કરીને આશ્રયસ્થાનોમાં લઈ જવાના સુપ્રીમ કોર્ટના આદેશ બાદ શરૂ થયેલી ચર્ચા વચ્ચે નવી માહિતી સામે આવી છે.કેન્દ્ર સરકારે રખડતા કૂતરા કરડવા અને રખડતા પ્રાણીઓ દ્વારા જનતાને નુકસાન પહોંચાડવાની વધતી ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરી છે. કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતો મંત્રાલય, પંચાયતી રાજ મંત્રાલય અને મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયે આવા પ્રાણીઓને નિયંત્રિત કરવા માટે એક માસ્ટર એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

ત્રણેય મંત્રાલયોએ તમામ રાજ્યોને એક એડવાઈઝરી મોકલી છે. તેમાં જણાવાયું છે કે દેશમાં ૧.૫૩ કરોડ રખડતા કૂતરા છે. એક વર્ષમાં તેમાંથી ૭૦% કૂતરાઓને રસી આપવા અને નસબંધી કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.આ ઉપરાંત, ૨૦૧૯ ની પશુ ગણતરી મુજબ, દેશમાં ૫૦ લાખ રખડતા પ્રાણીઓ છે. પહેલી વાર ગ્રામ પંચાયતો પણ આ અભિયાનમાં જોડાશે. રાજ્યોને આ અભિયાન માટે પશુ કલ્યાણ બોર્ડની મદદ લેવાનું કહેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે કેન્દ્રને રખડતા કૂતરા કરડવા અને રખડતા પ્રાણીઓ દ્વારા થતા અકસ્માતોની હજારો ફરિયાદો મળ્યા બાદ ત્રણેય મંત્રાલયોએ આ પગલું ભર્યું છે.

રખડતા કૂતરાઓને ગ્રીન ટેગ કોલર આપવામાં આવશે રખડતા કૂતરાઓને ગ્રીન કોલર ટેગ પહેરાવવામાં આવશે. આમાં તેમના રસીકરણ અને નસબંધી વિશે માહિતી હશે. આ માહિતી




પશુધન પોર્ટલ પર પણ રેકોર્ડ કરવાની રહેશે.રખડતા પ્રાણીઓના નસબંધી પછી, તેમના કાનમાં લીલા ટેગ લગાવવા જોઈએ. આનાથી મ્યુનિસિપલ કર્મચારીઓને ખબર પડશે કે કયા પ્રાણીને પકડવું અને કયાને નહીં.રાહુલે કહ્યું- મૂંગા પ્રાણીઓ કોઈ સમસ્યા નથી, તેમને દૂર કરવા ક્રૂરતા છે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ મંગળવારે દિલ્હી-એનસીઆરમાંથી તમામ રખડતા કૂતરાઓને દૂર કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે આ દાયકાઓની માનવીય અને વૈજ્ઞાનિક નીતિથી એક પગલું પાછળ છે. આ મૂંગા પ્રાણીઓ દૂર કરવા માટે 'સમસ્યા' નથી.રાહુલે ઠ પર લખ્યું, 'આશ્રયસ્થાનો, નસબંધી, રસીકરણ અને સમુદાય સંભાળ અપનાવવી જોઈએ. આનાથી કૂતરાઓને ક્રૂરતા વિના સુરક્ષિત રાખી શકાય છે. સંપૂર્ણ પ્રતિબંધ ક્રૂર, ટૂંકી દષ્ટિવાળો છે અને આપણી કરુણાની ભાવનાનો નાશ કરે છે.

## 'ભારત ટ્રેડ ડીલ અંગે સરખી રીતે વાત નથી કરતુ...'અમેરિકાના નાણા મંત્રીનો ગંભીર આરોપ

ભારત પર ટેરિફ અને પેનલ્ટી લાદવાના આકરા વલણ વચ્ચે અમેરિકાના સેક્રેટરી ઓફ ધ ટ્રેઝરી (નાણા મંત્રી) સ્કોટ બેસન્ટે ભારતે પર વધુ એક આરોપ મૂક્યો છે. તેમણે ભારત અમેરિકા સાથે ટ્રેડ ડીલ મુદ્દે સરખી રીતે વાત કરતુ ન હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે, આ ટેરિફ લાદવા પાછળનું કારણ ભારતનો રશિયા સાથે વેપાર છે. વિશ્વની મહાસત્તાના પ્રતિબંધો અને ઈનકાર કરવા છતાં ભારત રશિયા પાસેથી ક્રૂડ સહિતના વેપાર સંબંધો જાળવી રહ્યું છે.

સ્કોટ બેસન્ટે મીડિયા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, અમેરિકા સાથે ચાલી રહેલી ટ્રેડ ડીલમાં ભારત નરમ વલણ અપનાવી રહ્યું છે. અમારો લક્ષ્ય ઓક્ટોબર સુધી મોટા વેપાર કરાર પૂર્ણ કરવાના છે. તમામ ટોચના દેશો સાથે સચોટ શરતો પર સહમતિ મેળવવાની અપેક્ષા છે. તમને જણાવી દઈએ કે, ભારત અમેરિકાની ડેરી અને કૃષિ ક્ષેત્રની માગનો સ્વીકાર કરી રહ્યું નથી. જેથી બંને દેશોની ટ્રેડ ડીલ અટવાઈ




છે. અમેરિકા કૃષિ અને ડેરી ક્ષેત્રે મોકળુ બજાર આપવાની માગ કરી રહ્યું છે. જો કે, ભારતે પોતાના રાષ્ટ્રના હિત માટે આ માગ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે.

પહલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તંગદિલીમાં સીઝફાયર કરાવવાનો શ્રેય ટ્રમ્પ પોતાના શિરે લઈ રહ્યા છે. જો કે, ભારત પહેલાંથી જ તેનો ઈનકાર કરતું આવ્યું છે કે, સીઝફાયરમાં કોઈ ત્રીજા દેશની મદદ લેવામાં આવી નથી. જેથી ભારત અને અમેરિકા વચ્ચે સંબંધોમાં ખટાશ શરૂ થઈ હતી. બીજી તરફ રશિયા સાથે ક્રૂડ વેપાર ન કરવાની ભલામણ આપી હોવા છતાં ભારત રશિયા પાસેથી ક્રૂડ સહિતના વેપાર કરી રહ્યું છે. જેથી ટ્રમ્પ રોષે ભરાયા હતા. ટ્રમ્પે ૧ ઓગસ્ટના રોજ ભારત પર ૨૫ ટકા ટેરિફ વત્તા રશિયા સાથે વેપાર કરવા પર પેનલ્ટી લાદી હતી. જેનો અમલ ૭ ઓગસ્ટથી શરૂ થયો છે. ત્યારબાદ થોડા દિવસમાં ટ્રમ્પે ફરી વધુ ૨૫ ટકાનો ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. જે ૨૭ ઓગસ્ટથી લાગુ થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા મહિને અમેરિકાની મુલાકાત લઈ શકે છે, જ્યાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (દ્રપ્છ)ની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાવાની છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ આ બેઠકમાં ભાગ લેવાના છે.દ્રપ્છ ની આ બેઠક ૨૩ થી ૨૭ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે, જ્યારે છેલ્લા દિવસની કાર્યવાહી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ યોજાશે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સંભવિત મુલાકાતની ચર્ચા છે, જોકે બંને પક્ષો દ્વારા હજુ સુધી તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. આ સંભવિત મુલાકાત દરમિયાન પીએમ મોદી ઘણા વૈશ્વિક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકોમાં પણ ભાગ લઈ શકે છે. સૂત્રોનું માનીએ તો વડાપ્રધાન મોદીની યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી સાથે મુલાકાત નિશ્ચિત માનવામાં આવે છે.

## દિલ્હી ફરી શર્મશાર : સ્વિમિંગ પુલમાં ન્હાવા ગયેલી બે બાળકીઓ પર હેવાનિયત, બેની ધરપકડ

દિલ્હીમાં નરેલાના લામપુર સ્થિત એમકે સ્વિમિંગ પૂલમાં ન્હાવા માટે આવેલી બે ન વર્ષીય બાળકીઓ પર સામૂહિક દુષ્કર્મની ચકચારી ઘટના બની છે. પીડિત પરિવારની ફરિયાદ પર નરેલા પોલીસ સ્ટેશને સ્વિમિંગ પૂલના કોન્ટ્રાક્ટર અનિલ અને કેર ટેકર મુનિલની ધરપકડ કરી છે. પોલીસે ઘટનાસ્થળેથી પુરાવા પેટે ચાદર, ઓશિકાના કવર, આપત્તિજનક સામાન ડીવીઆર જપ્ત કર્યા છે. નરેલા પોલીસ કર્મીએ જણાવ્યું હતું કે, સ્વિમિંગ પૂલથી લગભગ ૬થી ૭ કિમી દૂર રહેતી બે સગીર બાળકી બસમાં બેસી નરેલા સ્થિત સ્વિમિંગ પૂલમાં ન્હાવા માટે આવી હતી. તેઓ અગાઉ પણ સ્વિમિંગ કરવા અહીં આવ્યા હતાં. પાંચ ઓગસ્ટના રોજ જયારે બંને બાળકી સ્વિમિંગમાં પ્રવેશી તો કોન્ટ્રાક્ટર અનિલે બંને બાળકીઓને પકડી લીધી હતી. તેમને પરિસરમાં આવેલા એક રૂમમાં બંધ કરી દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં કેર ટેકર મુનિલે પણ બંને બાળકીઓ પર દુષ્કર્મ કર્યું હતું. બંને સગીરાને આ વાતની જાણ કોઈને પણ કરવા પર જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટના સમયે સ્વિમિંગ પૂલમાં આરોપી સિવાય કોઈ હાજર ન હતું.પ્રાપ્ત માહિતી અનુસાર, પૂલ સત્તાવાર ધોરણે હજી સુધી ઉપયોગ માટે ખુલ્લુ મુકાયુ ન હતું. તેમ છતાં અહીં આસપાસના લોકો કોઈપણ ચાર્જ વિના અને ઔપચારિક મંજૂરી સાથે ન્હાવા માટે આવતા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, ઘટનાના સમયે પૂલનો ગેટ ખુલ્લો હોવાથી બંને બાળકીઓ ન્હાવા માટે આવી હતી. તે દરમિયાન અચાનક આ બે નરાધમો આવ્યા અને દુષ્કૃત્યને અંજામ આપ્યો. આઉટર-નોર્થ ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ હરેશ્વર વી સ્વામીએ જણાવ્યું કે, આઠ ઓગસ્ટના રોજ નરેલા પોલીસ સ્ટેશનમાં એક મહિલાએ પોતાની નવ વર્ષીય બાળકી અને અન્ય એક નવ વર્ષની બાળકી પર લામપુર સ્થિત એમકે સ્વિમિંગ પૂલમાં પાંચ ઓગસ્ટના રોજ સામૂહિક દુષ્કર્મ થયુ હોવાની ફરિયાદ નોંધાવી હતી.

મહિલાની ફરિયાદ પર પોલીસે બંને બાળકીઓની મેડિકલ તપાસ હાથ ધરી હતી. બાદમાં નવ ઓગસ્ટના રોજ નરેલા પોલીસ સ્ટેશનમાં બીએનએસની કલમ ૭૦ (૨) (સામૂહિક દુષ્કર્મ), ૧૨૭ (ખોટી રીતે બંધક બનાવવા પર), ૩૫૧ (ગુનાહિત ધમકી) અને પોક્સો અધિનિયમની કલમ ૬ અને ૧૦ હેઠળ કેસ નોંધ્યો હતો. આરોપીની ધરપકડ માટે નરેલા એસપી રાકેશ કુમાર અને એસએચઓ રાજેન્દ્રસિંહના નેતૃત્વમાં ટીમ બનાવી હતી. ટીમે બંને આરોપીની ધરપકડ કરી છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NG: NOG SS NO:334**
વિષય:હમસફર
શીર્ષક: જીવનસાથી
પ્રકાર:પદ્ય શબ્દો: ૭૮

લગ્નવેદીએ ચડ્યા હતા,બની એકદમ અજાણ,
હશે નાતો કોઈ પૂર્વજન્મનો,બની ગયા હમસફર.

પડી મુશ્કેલી બહુ,સહન કરતાં રહ્યાં ઘણું,
વેણ કટુ ના ઉચ્ચર્યા,બની ગયા હમસફર.

એકેક દિન દોહ્યલો,લાગે બાર માસ જેટલો,
મનથી લેશમાત્ર ડગ્યા નહીં,બની ગયા હમસફર.

આવશે દહાડો સુખનો,આકાશે મીટ માંડતા,
સંઘર્ષો સામે ઝઝૂમતાં,બની ગયા હમસફર.

એકસરખા દિવસ કોઈના સરખા જતા નથી,
એકમેકને સાથ આપી, બની ગયા હમસફર.

સુખદુઃખના સાથી બની રહ્યા બંને આપણે,
વૈતરણી કરી પાર આપણે,બની ગયા હમસફર.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર

**NG: NOGSS NO:158**
વિષય:હમસફર
શીર્ષક : હમસફર મળે
પ્રકાર:પદ્ય શબ્દો:૮૬

સફરમાં હમસફર મળે,સ્નેહ ભર્યો સંગાથ મળે;
લાગણીના ફૂલ ખીલે,સ્નેહની સરવાણી ફૂટે!

સફરમાં હમસફર મળે, હૃદયમાં નિરંતર ધબકે;
હૈયા કેરી વાત જાણે,દિલનું દુઃખ દર્દ જાણે!

સફરમાં હમસફર મળે,ન કોઈ ગમ દર્દ રહે;
હોઠો પર સદા હંસી રહે, ન કોઈ ફરિયાદ રહે!

સફરમાં હમસફર મળે, જીવન રંગીન બને;
હૃદયના ખૂણે યાદ જાગે,મન મલક્યા કરે!

સફરમાં હમસફર મળે,આત્માનું જોડાણ બને;
દુનિયા પોતાની લાગે, 'પ્રેમ' ઉત્સવ જીવન બને!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ' આદરિયાણા (સુરેન્દ્રનગર)

**NG: NOG SS No.343**
વિષય :- હમસફર
શીર્ષક :- ઉજ્જવળ જીવન
પ્રકાર :- પધ. શબ્દો:- ૫૦

કષ્ટ કઠણ પંથમાં એકબીજાનાં ટેકા સહારાથી બને સરળ જીવન,

સુખ સાથે દુઃખમાં પણ એકબીજાનાં મુખ હોય હસતાં પ્રસન્ન ,

સુકા રણમાં સંસ્કારની વહે સરવાણી તો બને લીલુંછમ હરિયાળું વન,

ખીલતાં મુરઝાતા છોડને મળે સહકારની સંગતનું સિંચન તો મહેકે જીવન ઉપવન,

'ચંદ્ર' સૂર્યની જેમ પર્યાય હોય હમસફર ત્યારે ઉજ્જવળ થાય જીવન ગગન.

'ચંદ્ર' ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

**[ NG: NOGSS NO: 188**
વિષય : હમસફર
શીર્ષક : " થાક ઘડપણનો "
પ્રકાર : પદ્ય - શબ્દો : ૫૪

હાથમાં હોય હાથ જો હમસફરનો;
તો પછી લાગે નહીં થાક ઘડપણનો;

એકલતામાં લાગે ચમન પણ ફિક્કું,
સનમના સંગાથે જામે રંગ રણનો;

દિવસો વિરહના થઈ જશે પસાર,
સદા સાથ છે જો એના સ્મરણનો;

સફર થાય આસાન કબર સુધીની,
મળી જાય સથવારો એક જણનો;

મળ્યો સંગ ઘડીભર જો હમસફરનો
તો, ન રહ્યો ડર "વ્યોમ" હવે મરણનો;

?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

**NG: NOG SS NO: 387**
વિષય: હમસફર
શિર્ષક: ઈશ્વર ને આદ્રોચેના
પ્રકાર: પદ્ય શબ્દો:૧૨૩

મારી નાવ નો છે સુકાની તું,
ચાહે... તારે કે ડૂબાડજે...તારા હાથમાં (૨)
તારે હાથ છે આ જિંદગી...
હું કરું સદા તારી બંદગી,
તું જો ધારે તો પલટી શકે (૨)
મારી બાજી એક જ રાતમાં ...
તારા હાથમાં (૨)મારી નાવ નો છે સુકાની તું...
મારી નાવ છે ભવસાગરે...
મેં ઝુકાવી છે તારે આશરે
હું ફિકર પ્રભુ હવે શું કરું,(૨)
તું છે "હમસફર"મારી સાથ મા.તારા હાથમાં (૨)
હવે ડૂબવું એય કબૂલ છે...
તું જે ધારે તે ય મંજૂર છે
છે મારી એક જ વિનંતી (૨)
મારે રહેવું તારી પાસ માં...તારા હાથમાં (૨)
મારી નાવ નો છે સુકાની તું...
"કહીં... ચલ ન દેના તું છોડ કર
મેરે હમસફર... મેરે હમસફર".

પુનિતા બેન દવે -મણિનગર

**NG: NOG.ss No. 213**
વિષય :- 'હમસફર'
શીર્ષક :- 'વાલમનું વદન'
પ્રકાર :- પદ્ય, ગઝલ (શબ્દો :-૧૧૦)

આ લહેરાતા પાલવમાં, વાલમનું વદન તો છુપાઈ જાય,
એજ ગુલાબી પાલવમાં, પ્રિત બધી ત્યાં છલકાઈ જાય.

આવા તોફાની સાગરમાં પણ, નાવ મારી હંકારી જાય,
કેવી મદમસ્ત અદાથી, પ્રિત તેની ફર્ઝને બજાવી જાય.

જો બનાવવા બેસીએ તો, કાગળના ફૂલો પણ બની જાય,
ને, જગતમાં વાહ વાહ, પણ ઘણી તેની બોલાય જાય.

આ સુંદર અને સકળ વિશ્વ વ્યોમ મંડળમાં સમાઈ જાય,
એવું આ વિશાળ હૃદય તારું, તોયે દર્દમાં કાં ડૂબી જાય ?

સંસાર સફરે શોધુ, કાશ કોઈ અલખનો માર્ગ મળીજાય,
જીવન સફરમાં હમસફર પણ સત્યના માર્ગે વળી જાય.

હમસફર આપમેળે મળે, ને આપમેળે પ્રિત ઊભરી જાય,
'સ્વજન' તે સત્યમ્, શિવમ્, સુંદરમ્, મંત્ર એક જપી જાય.
(કવિ શ્રી યોગેશભાઈ પંડયા 'સ્વજન' જુનાગઢ)

**NG: NOG. SS No: 194**
વિષય : હમસફર
શીર્ષક : હમસફર
પ્રકાર : ગદ્ય, શબ્દ : ૩૪૮

'હમસફર ' શબ્દ સાંભળતા એક રોમાંચ શરીરમાંથી પસાર થઈ જાય. વ્યક્તિ યુવાનીમાં પગ મૂકે ત્યારથી જ એને પોતાના હમસફરનું એક કાલ્પનિક ચિત્ર બનાવી રાખ્યું હોય છે. એને અનુસરતા એ પાત્રની પસંદગી કરતો હોય છે. સમય અને પરિસ્થિતિના અનુસંધાને એમાં સમાધાન સ્વીકારવું પડે છે.

શૈક્ષણિકકાળ દરમિયાન વિજાતીય વ્યક્તિ સાથે જોડાયેલો સંબંધ પરિણયમાં પરિણામે તો એ હમસફર બને. બહુ ઓછા લોકો છે કે પોતાના પ્રિયતમને જીવનસાથી તરીકે પામી ઈચ્છેલું જીવન જીવી શકે છે. પતિ કે પત્ની બની એકબીજા ઉપર આધિપત્ય કે ઈગોના સ્થાને પ્રિયતમ બનીને જીવન જીવી શકે, એવા યુગલ આંગળીના વેઢે ગણાય. હા , પારિવારિક,સંસારિક અને સામાજિક જવાબદારીઓ સ્વીકારીને એકમેકમાં ઓતપ્રોત બની, સમજી નિસ્વાર્થ સ્નેહની સરવાણી વહાવી જીવન જીવે એવા નસીબદાર યુગલ ઓછા જોવા મળે.

એક સજીવ તરીકે હમસફરની અપેક્ષા સૌથી વધારે માનવી રાખતો હોય છે. આપણી જરૂરિયાતને પોષે, આપણને સમજે, પ્રોત્સાહન આપે, આપણું પીઠબળ બને, જરૂર પડે ત્યારે ઢાલ બની રક્ષક બને, એક સભ્ય,સુંદર, આકર્ષક અને સંસ્કારી વ્યક્તિની અપેક્ષા સૌ કોઈ હમસફર તરીકે રાખે છે. એ હમસફરને જો જીવનસાથીમાં પરિવર્તિત કરવો હોય તો શૈક્ષણિક લાયકાત અને આર્થિક સધ્ધરતા પણ મહત્વની બની રહે.

વય વધવાની સાથે શારીરિક જરૂરિયાત લુપ્ત થાય છે. તે દવા લીધી ને? તારી તબિયત સાચવજે. એવા શબ્દો પાકટવયે પહોંચેલા અને વૃદ્ધત્વ તરફ ગતિ કરતા હમસફર પાસેથી સાંભળવા મળે તો એ "આઈ.લવ.યુ "થી કમ નથી. હમસફર માટે આપણા હિન્દી સિનેમાએ અનેક યાદગાર ગીતો આપેલા છે.

પોતાની પસંદગીને અનુરૂપ પાત્ર હમસફર તરીકે મેળવવું મહેનત સાથે નસીબનું કામ છે. પણ જે અને જેવુ મળ્યું છે એની સાથે ઉત્તમ સમય પસાર કરવો, સાથે ગાળેલા સમયની ક્ષણોને મનમાં કેદ કરી એને સ્મરણીય બનાવવી એ જહેમતનું કામ છે. કદાચ એ મેળવવા ઈશ્વરની રહેમત પણ એટલી જ જરૂરી છે. હમસફર સાથે તમે ખુલ્લા દિલે વાત કરી શકો . કોઈપણ વિષય પર ચર્ચા કરી શકો,એનાથી કંઈ છુપાવવું ના પડે. જ્યારે જેવી જરૂર પડે ત્યારે એ તમને સહકાર આપે એ સાચો હમસફર. આનંદ પ્રમોદ અને ભોગવિલાસમાં સાથે રહી તકલીફ, વિપરીત અને મુશ્કેલીવાળી પરિસ્થિતિમાં એ તમને જાકારો આપે તો એ હમસફર યોગ્ય ન ગણી શકાય.

મારી મનપસંદ હિરોઈન શર્મિલા ટાગોર ઉપર ફિલ્માયેલ એક ગીતની પંક્તિઓથી મારા લેખનું સમાપન કરીશ.
નામ: ખ્યાતિ જીગર દેસાઈ. (અમદાવાદ )

**NG: NOG SS no -400**
વિષય- હમસફર
શીર્ષક-તમારી ચૂપ
પ્રકાર-પધ
શબ્દો-૭૨

ઓ મારા હમસફર૫
તમારી ચૂપ
બહુ બોલે છે ૫
નયનો હૃદયના રાઝ ખોલે છે ૫

આંખના ઈશારા મનને મલકાવે ..
હોઠોનું સ્મિત દિલનો દરિયો છલકાવે ..
તમારી ચૂપ
ભાવનાઓની નદી વહાવે૫

હાથનો કોમળ સ્પર્શ,સાંત્વનાની સાંકળ રચે ૫
હાથનું
આભાર - નિહારીકા રવિયા મજબૂત અલિંગન ,સુરક્ષા
કવચ સજે ૫
તમારી ચુપ
અભેધ કિલ્લો રચે..

ચુંબન એ કરે ,જ્યારે ભાલ ..
જિંદગી બને ન્યાલ ..
તમારી ચૂપ..
દર્દ ની દવા બને..

હૈયાના ધબકારમાં મારું નામ .
જાણે હું જ કૃષ્ણ ,હું જરામ ..
તમારી ચૂપ
ઈશ્વરની ભક્તિ કરે૫

માલા કકકડ
મોરબી

# 'તાપી કે તારે' પ્રોજેક્ટ હેઠળ તાપી જિલ્લાના ૨૮ આદિવાસી બાળકો ચેન્નાઈના શ્રીહરિકોટા સ્થિત ઈસરોનો પ્રવાસ પૂર્ણ કરી સુરત એરપોર્ટ પર આવી પહોંચ્યા

'તાપી કે તારે' પ્રોજેક્ટ હેઠળ તાપી જિલ્લાના ૨૮ આદિવાસી બાળકોએ પ્રથમ વખત ચેન્નાઈ ખાતે ઈસરોની મુલાકાત લીધી હતી. ઈસરો પ્રવાસ પૂર્ણ કર્યા બાદ આજે સુરત એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. જ્યાં આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી અને તાપી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ તમામ વિદ્યાર્થીઓને આવકારવા પહોંચ્યા હતા અને સુરત એરપોર્ટના કોન્ફરન્સ હોલમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી પ્રોત્સાહિત કર્યા હતા, તેમના રોચક અનુભવો જાણ્યા હતા. તાપીના તારલાઓએ શ્રીહરિકોટા સ્થિત, 'સ્પેસપોર્ટ ઑફ ઈન્ડિયા' તરીકે વિશ્વપ્રસિદ્ધ સતિષ ધવન સ્પેસ સેન્ટર (ઈસરો)ની મુલાકાત તેમજ જીવનની પ્રથમ આકાશી ઉડાનના અનુભવોને વાગોળ્યા હતા. આદિજાતિ વિકાસ વિભાગ અને તાપી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રોજેક્ટ 'વિજ્ઞાન સેતુ- તાપી કે તારે' અંતર્ગત તાપી જિલ્લાની ૧૫ સરકારી શાળાઓના વિજ્ઞાન પ્રવાહના ૨૮ આદિવાસી બાળકોએ તા.૧૦થી ૧૩ ઓગષ્ટ દરમિયાન ઈસરોના શ્રીહરિકોટા સ્થિત સેટેલાઈટ લોન્ચિંગ સેન્ટરનો શૈક્ષણિક પ્રવાસ કર્યો હતો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, રાજ્યમાં સૌ પ્રથમવાર વિશેષરૂપે આદિજાતિ બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે, વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે આકર્ષણ વધે એ માટે માટે તાપી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી નવીન પહેલ પ્રેરણાદાયી છે. શિક્ષણના સંગમ સમાન આ પ્રોજેક્ટ- શૈક્ષણિક પ્રેરણા પ્રવાસના નવતર પ્રયોગનું રાજ્યના અન્ય આદિજાતિ જિલ્લાઓમાં અમલીકરણ થાય એ દિશામાં સક્રિય પ્રયાસો હાથ ધરવામાં આવશે. તાપી જિલ્લાની જેમ આદિજાતિ જિલ્લાઓના બાળકો પણ પ્રેરક શૈક્ષણિક પ્રવાસમાં ભાગ લઈ કારકિર્દીનું નવું ભાથું મેળવે એ માટે આદિજાતિ વિભાગ સક્રિયપણે યોગદાન આપશે.

મંત્રીશ્રીએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા કહ્યું કે, આદિજાતિ બાળકો માટે આ પ્રેરણાપ્રવાસ જીવનભરનું સંભારણું બની રહેશે તેમજ વિજ્ઞાન, ટેકનોલોજી અને અંતરિક્ષ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે પગથિયા સમાન બનશે. આ પ્રકારના નવાચાર સમાન પ્રવાસ બાળકોની કલ્પના અને સપનાને નવી ઉડાન આપે છે.

શ્રી ડીંડોરે કહ્યું કે, પૂર્વ વડાપ્રધાનશ્રી લાલબહાદુર શાસ્ત્રીએ દેશને 'જય જવાન, જય કિસાન' નારો આપેલો, સ્વ.અટલબિહારી વાજપેયીએ 'જય જવાન, જય કિસાન'ની સાથે 'જય વિજ્ઞાન' અને દેશના વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ 'જય અનુસંધાન'ના નારા ઉમેરી વિજ્ઞાન અને અનુસંધાનની મહત્તાને ઉજાગર કરી છે.

તાપી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, ૨૮ આદિજાતિ વિદ્યાર્થીઓએ ઈસરોના સંશોધન કાર્ય, અવકાશ વિજ્ઞાન અને ભારતની વૈજ્ઞાનિક સિદ્ધિઓને નજીકથી જાણી છે. ચોખાના રોટલા ખાનારા વિદ્યાર્થીઓએ ચેન્નાઈમાં ઢોસાનો સ્વાદ ચાખ્યો છે. સરકારી શાળાના વિદ્યાર્થીઓ પ્રતિભા અને તેજસ્વિતાનું પ્રેરક ઉદાહરણ પૂરૂ પાડી રહ્યા છે આ સમૂહના મહત્તમ વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક બની દેશસેવા કરે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. ઈસરો મુલાકાત દરમિયાન બાળકોએ ઈસરોના સંશોધન કાર્ય અને અવકાશ વિજ્ઞાન વિશે ઊંડાણપૂર્વક જાણકારી લીધી તેમજ ઉત્સુકતાભેર વૈજ્ઞાનિકો અને એન્જિનિયરો પાસેથી નવા અનુભવો મેળવ્યા હતા. ઈસરોના શ્રીહરિકોટા સ્થિત સેટેલાઈટ લોન્ચિંગ સેન્ટરનો પ્રવાસ અમારા માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને અંતરિક્ષ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા પ્રેરણા પૂરી પાડનાર અનુભવ સાબિત થયો છે એમ તમામ વિદ્યાર્થીઓએ એકસૂરે જણાવ્યું હતું.

ઈસરોના એક્સપોઝર વિઝીટ માટે પસંદગીની પ્રક્રિયામાં તાપી જિલ્લાના આદિજાતિ વિભાગ હસ્તકની શાળા અને સરકારી શાળા મળી કુલ ૧૫ શાળાઓના ધોરણ ૧૧-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની ૧૦૦ ગુણની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ધોરણ ૦૯ અને ૧૦ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાંથી પ્રશ્નપત્ર તૈયાર કરાયું હતું. બાળકો માટે આ પરીક્ષા જ્ઞાન અને તર્કબુદ્ધિની ચકાસણીનું એક અનોખું મંચ બની હતી. ઉત્તમ ગુણ મેળવનારા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રવાસ માટે પસંદ કરાયા હતા.

વિદ્યાર્થીઓએ શ્રીહરિકોટા સ્થિત, 'સ્પેસપોર્ટ ઑફ ઈન્ડિયા' તરીકે વિશ્વપ્રસિદ્ધ સતિષ ધવન સ્પેસ સેન્ટર (ઈસરો)ની મુલાકાત, લઈ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના હૃદયસ્થળ ગણાતા આ કેન્દ્રમાં લોન્ચ બેઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અદ્યતન ટેક્નોલોજી, રોકેટ લોન્ચિંગ પ્રકિયાનું મોનિટરિંગ, રૉકેટની સ્થિતિ, ઓરબીટ અને વૈજ્ઞાનિક ગતિવિધિઓને નજીકથી નિહાળી હતી. વ્હિકલ એસેમ્બલી બિલ્ડિંગ, લોન્ચ ટાવર, ફ્યુઅલિંગ સિસ્ટમ અને કાઉન્ટડાઉન વિસ્તાર વૈજ્ઞાનિકો પાસેથી રૉકેટના પ્રકારો, સેટેલાઈટના ઉપયોગો, લોન્ચિંગ પ્રોસેસ, તેમજ અવકાશમાં આવતા પડકારો વિશે માહિતી મેળવી હતી.

# PM મોદી ફરી ગુજરાત આવશે:૨૪-૨૫ ઓગસ્ટે વડનગર અને બેચરાજીની મુલાકાત લેશે



આગામી ૨૪ અને ૨૫ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવે તેવી સંભાવના છે. આ દરમિયાન તેઓ પોતાના વતન વડનગર અને બેચરાજીની મુલાકાત લેશે તેવી જાણકારી ગુજરાત સરકારના સૂત્રો પાસેથી મળી રહી છે. આ મુલાકાત દરમિયાન મોદી વડનગરમાં તૈયાર થનારા મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબનું ઉદ્ઘાટન કરે તેવું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બેચરાજી પાસે સુઝુકી મોટર્સના પ્લાન્ટની મુલાકાત લઈને તેઓ અહીં કંપનીના નવા બેટરી સંચાલિત વાહનોના પ્રોડક્શન યુનિટનું ઉદ્ઘાટન પણ કરી શકે છે.

આ અંગે હજુ ગુજરાત સરકારને વડાપ્રધાન કાર્યાલયમાંથી સત્તાવાર સંપૂર્ણ વિગતવાર કાર્યક્રમ આપવામાં આવ્યો નથી. પરંતુ પ્રારંભિક તબક્કે આ કાર્યક્રમને લઈને કોઇ તૈયારી થઇ શકે છે.

ગુજરાતના આ પ્રવાસ દરમિયાન ૨૪ ઓગસ્ટે બપોર બાદ મોદી અમદાવાદ પહોંચીને ગાંધીનગર રાજભવન ખાતે રોકાણ કરશે. અહીં મહાત્મા મંદિરમાં પણ કોઇ જાહેર કાર્યક્રમ યોજાઇ શકે છે. તેઓ રાત્રિ રોકાણ દરમિયાન ગુજરાત સરકાર તેમજ ભાજપના કેટલાક નેતાઓ સાથે બેઠક પણ કરી શકે છે.

# નવી રચાયેલી ૯ મનપાની ચૂંટણીની તૈયારીઓ શરૂ:મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી, ૬ મહિનામાં ચૂંટણી યોજાઈ શકે

ગુજરાતમાં આ વર્ષના અંતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે. રાજ્યની રચાયેલી ૯ નવી મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજવાની પણ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે. નવી રચાયેલી મહાનગર પાલિકાઓમાં ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરાયા બાદ હવે તેઓની મદદ માટે મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. જેઓના નામની યાદી નીચે મુજબ છે.



૧૪ વર્ષ બાદ ગુજરાતને નવી મહાનગરપાલિકાઓ મળી છે. આ પહેલાં ૨૦૦૨માં જૂનાગઢ અને છેલ્લે ૨૦૧૦માં ગાંધીનગર મહાનગરપાલિકા બની હતી. રાજ્યમાં હાલ ૮ મહાનગરપાલિકાઓ હતી. તેમાં હવે નવસારી, ગાંધીધામ, મોરબી, સુરેન્દ્રનગર, મહેસાણા, વાપી, આણંદ, પોરબંદર અને નડિયાદનો સમાવેશ કરાતા મહાનગરપાલિકાઓની સંખ્યા ૧૭ થઈ ચૂકી છે.રાજ્યમાં ૬ જૂની અને ૯ નવી મળી કુલ ૧૫ મહાનગરપાલિકાઓની આ વર્ષના અંતે ચૂંટણીઓ યોજાશે. જેની તૈયારીઓ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે જ જતે નવી રચાયેલી મહાનગરપાલિકાઓ છે તેમાં જરુરી કામગીરીને વેગ આપવા માટે મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરી દેવામાં આવી છે.

# ગાંધીનગરના શાહપુરમાં રાજ્યપાલનું સ્વચ્છતા અભિયાન:શાળાના બાળકોને તિરંગા આપ્યા, વૃક્ષારોપણ કર્યું; પ્રાકૃતિક ખેતી અપનાવવા આહ્વાન







ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે ગાંધીનગરના શાહપુર ખાતે સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન કર્યું હતું. રાજ્યપાલે શાળાના બાળકોને તિરંગા આપી પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે શાળાના પ્રાંગણમાં અન્ય મહાનુભાવો સાથે વૃક્ષારોપણ પણ કર્યું હતું.સ્વચ્છતા અભિયાન બાદ ગ્રામજનો સાથેના સંવાદમાં તેમણે જણાવ્યું કે, સ્વચ્છ ભારત અભિયાન દરેક નાગરિકનું સામાજિક અને નૈતિક કર્તવ્ય છે. રાજ્યપાલે પર્યાવરણ સંરક્ષણની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.તેમણે જણાવ્યું કે કુદરતી આપત્તિઓ માનવીય દખલગીરીનું પરિણામ છે. વધુમાં તેમણે રાસાયણિક ખેતીના નુકસાન વિશે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં ૯ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. સરકાર દરેક ગામમાં વિનામૂલ્યે પ્રાકૃતિક કૃષિની તાલીમ આપી રહી છે. રાજ્યપાલે ગ્રામજનોને વ્યસનમુક્તિ, કન્યા કેળવણી અને બાળકોમાં સારા મૂલ્યોના વિકાસ માટે અપીલ કરી હતી.આ અભિયાનમાં જિલ્લા કલેક્ટર મેહુલ દવે, જિલ્લા વિકાસ અધિકારી બી. જે. પટેલ સહિત અનેક અધિકારીઓ જોડાયા હતાં.

# ધાનેરા શહેરમાં પોલિસ અને પાલિકા દ્વારા તિરંગા યાત્રા યોજાઇ



૧૫ ઓગસ્ટને માત્ર ગણત્રીના દિવસો બાકી છે ત્યારે સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેના સંદર્ભે ધાનેરા શહેર ખાતે પોલિસ તેમજ નગરપાલિકા દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં પોલિસ મથકે થી એમ.જે.ચૌધરીની આગેવાનીમાં પોલિસ જવાનો તેમજ સુર્યોદય કોલેજના વિધાર્થીઓ સાથે તિરંગાયાત્રા નિકળી હતી. જે યાત્રા ડીબી પારેખ હાઇસ્કુલ ખાતે પહાંચતા ત્યાં નગરપાલિકાની ટીમ અને ડી.બી. પારેખ હાઇસ્કુલ ના વિધાર્થીઓ સહિત રાજકિય આગેવાનો પૂર્વ મંત્રી હરજીવનભાઇ પટેલ, પૂર્વ ધારાસભ્ય જે કે પટેલ, ભાજપ અગ્રણી ભગવાનભાઇ પટેલ, વસંતભાઇ પુરોહિત, પ્રાંત અધિકારી કલ્પેશ ઉનડકટ, પોલિસ ઇસ્પેકટર એમ જે ચૌધરી, માર્કેટના ચેરમેન વિરલભાઇ પટેલ, શહેર ભાજપ પ્રમુખ તરૂણ મોદી, તાલુકા મહામંત્રી દિનેશ ચૌધરી, પૂર્વ પ્રમુખ જગદિશભાઇ પટેલ, રામપુરા ગામના શેઠ જોઇતાભાઇ આકોલીયા સહિત તમામ ભાજપ અગ્રણીઓ અને મોટી સંખ્યામાં લોકો સહિત સરકારી કર્મચારીઓ પણ જોડાયા હતા અને આ યાત્રા લાલચોક ખાતે પહાંચી હતી અને ત્યાં પ્રાંત અધિકારીએ લોકોને સંબોધન કર્યુ. તે પછી સૌ લોકો છુટ્ટા પડ્યા હતા. વિધાર્થીઓ ફરી રેલીના રૂપે કોલેજ અને સ્કુલમાં પરત ફર્યા હતા.

# વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત, જન્માષ્ટમી મહોત્સવ સમિતિના મીડિયા ઈન્ચાર્જ તરીકે અરૂણભાઈ નિર્મળની વરણી

જન્માષ્ટમી મહોત્સવ, માત્ર પૌરાણિક પર્વ નથી, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણના જીવન દ્વારા અપાયેલા ધર્મ, કર્તવ્ય અને એકતાના સંદેશને માનવજીવનમાં ઉતારવાનો એક પવિત્ર પ્રસંગ છે. આ જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે રાજકોટના રાજમાર્ગો ઉપર કૃષ્ણ ભગવાનની શોભાયાત્રા ભવ્યાતીત ભવ્ય રીતે ઉજવાય અને તેના પ્રચાર પ્રસાર માટે થઈ વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિના માર્ગદર્શક સમિતિના માવજીભાઈ ડોડીયા,; નરેન્દ્રભાઈ દવે; હસુભાઈ ભગદેવ; હસુભાઈ ચંદારાણા; શાંતુભાઈ રૂપારેલીયા; વનરાજભાઈ ગરૈયા; નિતેષભાઈ કથીરિયા; અશોકભાઈ મકવાણા; જન્માષ્ટમી મહોત્સવ સમિતિના અધ્યક્ષ રાજદીપસિંહ જાડેજા (વાવડી) ; ધર્મયાત્રાના અધ્યક્ષ ગૌતમભાઈ ધમસાણીયા ની ચર્ચા વિચારણા ના અંતે વિશ્વ હિન્દુ પરિષદ ના મંત્રી પરેશભાઈ રૂપારેલીયા દ્વારા જન્માષ્ટમી મહોત્સવ સમિતિના મીડિયા ઇન્ચાર્જ તરીકે રાજકોટ જિલ્લા ભાજપના મીડિયા અગ્રણી અરૂણભાઈ નિર્મળની વરણી કરવામાં આવી છે. તેમજ સહ ઇન્ચાર્જ તરીકે મનીષભાઈ વડેરિયા અને વિનયભાઈ કારીયાની વરણી કરવામાં આવી છે.

આ વરણી ને વિશ્વ હિન્દુ પરિષદ, જન્માષ્ટમી મહોત્સવ, રાજકોટ શહેર/ જિલ્લા ભાજપ , સાધુ- સંતો, સામાજિક સંસ્થાના આગેવાનો તથા હોદેદારો એ શુભેચ્છાઓ પાઠવી હતી.આ તકે અરૂણ નિર્મળ એ જણાવ્યું કે જન્માષ્ટમી એ માત્ર એક તહેવાર નથી, એ તો ભગવાન શ્રીકૃષ્ણ સાથેનો જીવાત્મા સાથેનું મિલન છે. જયારે ભક્તિથી ભરી આંખો, કૃષ્ણના નામથી ધબકતું હૃદય અને તેમની રાસલીલા સંગે આત્મા એક થવા લાગે , ત્યારે જ ખરું ઉત્સવ સર્જાય છે.



રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ શ્રી કિશોરભાઈ મકવાણા આજે સુરતના અતિથિ બન્યા. આ અવસરે સૌ અનુસુચિત જાતિ સમાજ ના અગ્રણીઓ તથા અનુસુચિત જાતિ ના યુનિયનો ના આગેવાનો દ્વારા આયોગના અધ્યક્ષ બન્યા બાદ પ્રથમવાર સુરતના અતિથિ બનેલા શ્રી કિશોરભાઈ મકવાણા નું સન્માન સહ સમરસતા સંવાદ નો સામાજિક કાર્યક્રમ નું આયોજન તારીખ ૧૦ ઓગસ્ટ રવિવાર ના રોજ સુરત સર્કિટ હાઉસ ખાતે કરવામાં આવ્યું હતું

આયોગ અધ્યક્ષ શ્રી એ રાષ્ટ્રીય અનુસુચિત આયોગ ના કાર્યો વર્તમાન સમયમાં દેશના વિવિધ રાજયોમાં અનુસુચિત જાતિ ની સ્થિતિ પર વાત કરી હતીઆ કાર્યક્રમ માં સમાજ ના આગેવાનો અને કબીર મંદિર ના મહંત તુલશીદાસજી ની ગરીમાઉપસ્થીતી માં રહીહતી

# સરકારી વિનયન કોલેજ અમીરગઢ ખાતે ઈનોવેશન ક્લબ અંતર્ગત પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે સેન્સિટાઈઝેશન- ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન

સરકારી વિનયન કોલેજ અમીરગઢ ખાતે ઈનોવેશન ક્લબ અંતર્ગત પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે સેન્સિટાઈઝેશન-ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં રહેલા સંશોધનના નવીન વિચારોને બહાર લાવવા તેમજ તેઓની આંતરિક શક્તિ અને કૌશલ્યનો વિકાસ કરવા માટે કોલેજમાં ચાલતા ઈનોવેશન ક્લબ પ્રકલ્પ અંતર્ગત થતી વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર કરવા તેમજ ઈનોવેશન ક્લબ અંતર્ગત ફાળવાયેલ ઢૈંરૂ કીટની માહિતી આપવા માટે આ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજશાસ્ત્ર વિભાગના



અધ્યક્ષ ડૉ. નિતીન જાદવ દ્વારા ઈનોવેશન ક્લબની ઢૈંરૂ કીટની ઊંડાણપૂર્વકની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. તેમજ કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. એન કે સોનારા સાહેબે પણ વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ દ્વારા કીટનો ઉપયોગ સમજાવ્યો હતો. સાથોસાથ તેઓએ વિદ્યાર્થીઓને જાતે જ સોલ્ડરીંગ તેમજ અન્ય ઈલેક્ટ્રિકલ કીટને લગતી પ્રવૃત્તિઓ કરાવી વિદ્યાર્થીઓને માહિતીસભર અને પ્રવૃત્તિમય અનુભવો આપ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



માલપુર ખાતે તિરંગા આયોજન સભ્ય શ્રી ધવલસિંહ ઝાલા ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ યાત્રામાં જિલ્લાના તથા મંડળ સંગઠનના હોદેદારો મોરચાના પ્રતિનિધિઓ તેમજ ફોરેસ્ટ આંગણવાડી અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા બોથના તમામ કાર્યકર્તાઓ ઉત્સાહપૂર્વક જોડાયા યાત્રાનું પ્રારંભ શ્રી ઉમિયા માતા મંદિર પરિસરથી કરવામાં આવ્યું અને ભવ્ય દેશભક્તિ પૂર્ણ માહોલ વચ્ચે કોલેજ કેમ્પસ ના ગ્રાઉન્ડ ખાતે પૂર્ણાહુતિ કરવામાં આવી કાર્યક્રમ દરમિયાન સૌએ રાષ્ટ્રીય ધ્વજને વંદન કરી દેશપ્રેમી ની પ્રતિજ્ઞા લીધી અને સ્વતંત્ર સેનાઓનું ત્યાગને યાદ કર્યા આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ સૌને એકતા દેશભક્તિ અને સમાજસેવાનો સંદેશ આપ્યો તથા તિરંગાની માલ શાન જળવાઈ સૌને અપીલ કરી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.